# જાહેરાત

## કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી,

**ડેરોલ - ૩૮૯ ૩૨૦ તા. કાલોલ, જી. પંચમહાલ**

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ - ૩૮૯ ૩૨૦, તા. કાલોલ જી. પંચમહાલ ખાતે વસાહતના જુના ચાર મકાનોમાં રીનોવેશન કરવા માટે માલ-સામાન અને મજુરી સાથેની કામગીરીના ભાવ મંગાવવામાં આવે છે.

આ અંગેના જરૂરી સ્પેસીફીકેશન, બોલીઓ અને શરતો દર્શાવતું ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએથી રૂ. ૧૫૦૦/- રોકડા ભરી મેળવી લેવું અથવા વેબસાઈટ www.aau.in ઉપરથી ડાઉનલોડ કરી ટેન્ડર ફોર્મ ફી પેટે રૂ. ૧૫૦૦/- નો ''એએયુ ફંડ એકાઉન્ટ'' ના નામનો પેએબલ એટ આણંદનો ક્રોસ કરેલ ડિમાન્ડ ડ્રાફ્ટ સામેલ કરવાનો રહેશે.

ભરેલ ટેન્ડર ફોર્મ તા. ૧૨/૧૨/૨૦૨૩ ના રોજ સાંજે ૧૭.૦૦ કલાક સુધીમાં ફક્ત રજી. પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી જ સ્વીકારવામાં આવશે તથા કવર પર ''વસાહતના જુના મકાનો રીનોવેશન કરવા માટેની કામગીરીના ભાવ'' એમ સ્પષ્ટપણે લખવાનું રહેશે. સદર ભાવો માન્ય રાખવા કે નહિ તેની સંપૂર્ણ સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.

તા. ૨૨/૧૧/૨૦૨૩

સ્થળ : ડેરોલ — યુનિટ વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક

(માહિતી/ગોધરા/૬૨૪/૨૩)

કૃષિ સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
ડેરોલ- ૩૮૯ ૩૨૦ (પંચમહાલ) ગુજરાત

## બોલીઓ અને શરતો

કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ – ૩૮૯ ૩૨૦, તા. કાલોલ જી. પંચમહાલ ખાતે આવેલા વસાહતના જુના મકાનો રીનોવેશન કરવા માટે માલ-સામાન અને મજુરી માટેનું ટેન્ડર ફોર્મ યુનિવર્સિટીની વેબસાઈટ http://www.aau.in/tenders પરથી ડાઉનલોડ કરી શકાશે

## ટેન્ડર જાહેરાતની રૂપરેખા

| | | |
|---|---|---|
| **ટેન્ડર જાહેરાત પ્રસિદ્ધિની તારીખ** | : | ૨૧/૧૧/૨૦૨૩ |
| **ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ** | : | ૧૨/૧૨/૨૦૨૩ |
| **ટેન્ડર ફી** | : | રૂા. ૧૫૦૦/- |
| **ઈએમડી ની રકમ** | : | રૂા. ૧૨,૭૫૦/- |
| **ટેન્ડર કવર** | : | સદર કવરમાં ટેન્ડર ફી અને ઈએમડી ની રકમ ફરજિયાત જમા કરાવવાની રહેશે. |
| **ટેન્ડરના કવર ઉપર દર્શાવવાના નામની વિગત** | : | "વસાહતના જુના મકાનો રીનોવેશન કરવા માટેની કામગીરીના ભાવ" |
| **ટેન્ડરની અંતિમ તારીખ** | : | ૧૨/૧૨/૨૦૨૩ |
| **સંપર્ક સ્થળ** | : | યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રીની કચેરી,<br>કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલ સ્ટેશન રોડ, ડેરોલ- ૩૮૯ ૩૨૦, (પંચમહાલ) ગુજરાત |

## બોલીઓ અને શરતો

| | |
|---|---|
| ૧ | ભાવ તમામ પ્રકારના લાગુ પડતા ટેક્સ, ભાડા, મજુરી સાથે અત્રેની કચેરી બેઠાના આપવાના રહેશે. આપેલ ભાવ માલ સમાન અને મજુરી સાથેની કામગીરી કરવા માટે બંધનકર્તા રહેશે. સરકારશ્રી તરફથી લાગુ પડતા તમામ કરવેરા (TDS) અત્રેથી કપાત કરવામાં આવશે. |
| ૨ | ભાવ મંજુર થયા પછી કામગીરીમાં વિલંબ/માલની ઉતરતી ગુણવત્તા/નિષ્કાળજી અથવા અન્ય કોઈ અનિયમિતતા ધ્યાને આવશે તો ઓર્ડર રદ્દ કરી જે તે પાર્ટીની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ કામગીરીમાં નબળી ગુણવત્તાવાળો માલ-સમાન ઠેકેદારે પોતાના ખર્ચે પરત લઇ જવાનો રહેશે. આવા નબળા માલની કામગીરીનું ચૂકવણું કરવામાં આવશે નહી. |
| ૩ | સદર કામગીરી ઉધારબીલથી પૂરી કરવાની રહેશે અને તેનું ચુકવણું એકાઉન્ટ પે ચેકથી યુનિવર્સિટીના નિયમાનુસાર કપાત બાદ કરવામાં આવશે. |
| ૪ | ભાવપત્રકો નિયમોનુસાર ગઠન કરેલ સમિતિની રૂબરૂમાં ખોલવામાં આવશે તથા ભાવપત્રકો સ્વીકારવા કે કોઈ કારણ દર્શાવ્યા વિના અસ્વીકાર કરવા તથા ભાવની સરખામણી ભલામણ તેમજ અભિપ્રાય મુજબ ભાવ માન્ય થયા પછી કામગીરી કરાવી કે ન કરવી તેમજ જથ્થામાં વધઘટ કરવાની અબાધિત સત્તા સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલની રહેશે. કોઈ પણ સંજોગોમાં ભાવપત્રક મંજુર થયા બાદ ભાવ ફરક ધ્યાને લેવામાં આવશે નહિ. કામગીરી અંગે કોઈ પણ વાદ વિવાદ ઉભો થાય તો તે બાબતનો યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, કૃષિ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડેરોલનો નિર્ણય આપણે બંધન કર્તા રહેશે. |
| ૫ | સરકારશ્રીના વખતો વખતના નિયમો ભાવ ભરનાર પાર્ટીને બંધનકર્તા રહેશે તથા ઈન્કમટેક્ષ અધિનિયમ હેઠળ બિલમાંથી આવકવેરો કપાત કરવામાં આવશે. ભાવ ભરનાર પાર્ટીએ/ઈજારદારે પાન કાર્ડની પ્રમાણિત નકલ જોડવાની રહેશે. |
| ૬ | ભાવ પત્રકો ફક્ત રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી તા. ૧૨/૧૨/૨૦૨૩ સાંજના ૧૭.૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. નિર્ધારિત સમય બાદ આવેલ ભાવપત્રક રદબાતલ ગણવામાં આવશે. રૂબરૂ કે કુરીયરથી મળેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહી. કામગીરીના ભાવો મંજુર થયે ટપાલ / ફોન દ્વારા જાણ કરવામાં આવશે. |
| ૭ | ઈ.એમ.ડી/ડીપોઝીટની રકમ ટેન્ડરમાં દર્શાવ્યા મુજબ ભરવાની રહેશે. જે "એ.એ.યુ ફંડ એકાઉન્ટ" પે એબલ એટ આણંદના નામનો ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ કાઢી ટેન્ડર ફોર્મ સાથે જોડાવાનો રહેશે. ડીપોઝીટ વગરનું ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે. કામગીરીના ભાવ માન્ય થયેથી મંજુર થયેલ કુલ રકમના ૫ % લેખે સિક્યુરીટી ડીપોઝીટની રકમ પાર્ટીએ વર્ક ઓર્ડર મળ્યેથી **"એએયુ ફંડ એકાઉન્ટ"** પે એબલ એટ આણંદના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવી જમા કરવાનો રહેશે. સંતોષકારક કામગીરી પૂર્ણ કર્યા બાદ સિક્યુરીટી ડીપોઝીટ પરત આપવામાં આવશે. |
| ૮ | યુનિવર્સિટીના નીતિ-નિયમોને આધીન ટેન્ડર સાથે આપેલ ઈ.એમ.ડી./ સિક્યુરીટી ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૯ | રૂબરૂ ટેન્ડર ફોર્મ મેળવનાર પાર્ટી/ઈજારદારે ટેન્ડર ફોર્મ ફી પેટે મેળવેલ પાવતીની ઝેરોક્ષ નકલ ટેન્ડર ફોર્મ સાથે સામેલ કરવાની રહેશે. ટેન્ડર ફોર્મની રકમ રૂ. ૧૫૦૦/- પરત મળશે નહી. |
| ૧૦ | સીલબંધ કરેલ ટેન્ડર કવર ઉપર "વસાહતના જુના મકાનો રીનોવેશન કરવા માટેની કામગીરીના ભાવ" એમ દર્શાવવું. સાઈડમાં ડાબે નીચે પાર્ટીનું/મોકલનારનું સ્પષ્ટ નામ તથા સરનામું દર્શાવવું. |
| ૧૧ | પાર્ટી પોતાનો પાનકાર્ડ નંબર અને પ્રિન્ટેડ બીલ બૂક ધરાવતી હોવી જોઈએ. |
| ૧૨ | પાર્ટી/ઈજારદાર કામગીરી માટે જાહેર રજા સિવાય સવારે ૮.૦૦ થી સાંજના ૧૭.૩૦ કલાક દરમ્યાન સ્થળની રૂબરૂ મુલાકાત લઇ શકશે. |
| ૧૩ | ભાવ મંજુર થયે આપવામાં આવેલ કામગીરી સંતોષકારક કામગીરી ૬૦ દિવસમાં પૂર્ણ કરી કામગીરીના ચોક્કસ માપ મુજબ સબંધિત શાખાના અધિકારી/કર્મચારીશ્રી દ્વારા કામની ચકાસણી થયે બીલ રજુ કરવાનું રહેશે. |
| ૧૪ | કામગીરી કોન્ટ્રાકટરે તેના ખર્ચે અને જોખમે કરવાની રહેશે. કામગીરી દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ/ઘટના કે અકસ્માત થાય અને તેને લીધે કામગીરી/શ્રમયોગી/કોન્ટ્રાકટરને જાન માલની હાની થાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. |

ઉપરોકત તમામ બોલીઓ અને શરતો મને મંજુર અને બંધનકર્તા છે.

ઈજારદારની સહી
(નામ અને સીલ સાથે)

## <u>ઇજારદારની વિગત દર્શાવતું પત્રક</u>

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | ઇજારદાર/કંપનીનું નામ | : | | |
| ૨. | ઇજારદાર/કંપનીનું પત્રવ્યવહારનું સરનામું | : | | |
| ૩. | ટેલીફોન | : | (મો.) | |
| ૪. | ઈ-મેઈલ | : | | |
| ૫. | ટેન્ડર ફી/ઇએમડી | : | ટેન્ડર ફી ની વિગત | ઇએમડીની વિગત |
| | ડી.ડી. નંબર/રોકડ | : | | |
| | રકમ (રૂ.) | : | | |
| | તારીખ: | : | | |
| ૭. | જી.એસ.ટી. નં. | : | | |
| ૮. | રજીસ્ટ્રેશન નંબર | : | | |
| ૯. | અન્ય વિગત | : | | |

અમે આ ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબની બોલીઓ અને શરતોનું પાલન કરવા સંમત છીએ.

**ઇજારદારની સહી**

**(નામ અને સીલ સાથે)**

# વસાહતના જુના મકાનો રીનોવેશન કરવાની કામગીરીના ભાવ

| ક્રમ નં. | મકાન | કામગીરીની વિગત | વસાહતના જુના મકાનો રીનોવેશન કરવા ભાવ (રૂ.) |
|---|---|---|---|
| ૧. | સી-૧, સી-૨, સી-૩, ઈ-૧ | ➢ વોટર પ્રુફીંગ: ચારેય મકાનોના ધાબા ઉપર તિરાડો ભરી, સીલીંગ કરી અને ત્રણ કોટ મારી વોટર પ્રુફીંગ કરવાની કામગીરી<br>➢ પ્લાસ્ટર: ચાર મકાનની અંદર બહાર જરૂરિયાત મુજબ સ્મૂથ પ્લાસ્ટર કરવાની અંદાજીત કામગીરી ૩૦૦ સ્ક્વેર ફૂટ (દીવાલ તથા સીલીંગ ઉપર પ્લાસ્ટર તેમજ પોપડા ઉખડી ગયેલ હોય તેવી જગ્યાએ કરવાની કામગીરી)<br>➢ ઈકોનોમી ઈમલશન કલર: ચારેય મકાનનો અંદર તથા બહારનો જુનો કલર ઘસી/ઉખાડી નવો ઈકોનોમી ઈમલશન કલર (ISI માર્ક) (અંદાજીત વિસ્તાર ૧૨૪૩૬ સ્ક્વેર ફૂટ) ૨ -કોટ કરવાની કામગીરી.<br>➢ ઓઈલ પેઈન્ટ: ચારેય મકાનના જુના બારી, દરવાજા અને કબાટને ઓઈલ પેઈન્ટ (અંદાજીત વિસ્તાર ૨૮૨૦ સ્ક્વેર ફૂટ) કરવાની કામગીરી. ચારેય મકાનને જુના બારી દરવાજા સાથે ઉધઈ ટ્રીટમેન્ટ કરવાની કામગીરી. | રૂ. ___________ |
| ૨. | સી-૧ | ➢ જુનો લાકડાનો દરવાજો કાઢી નવો લાકડાનો દરવાજો (સાઈઝ- ૬.૭ x ૨.૬ ફૂટ) બેસાડવાની કામગીરી નંગ-૧, જૂની બારીની ફ્રેમ કાઢી નવી ફ્રેમ (સાઈઝ - ૫.૦ x ૪.૦ ફૂટ) બેસાડવી નંગ-૧, કબાટની જૂની ફ્રેમ કાઢી નવી ફ્રેમ નાખવી નંગ-૨ (સાઈઝ - ૭.૦ x ૬.૦ ફૂટ) તથા કબાટમાં જુના લાકડાના પાટિયાને સ્મૂથ કરી આડા સપોટ મૂકી કલર તથા રીપેરીંગ કરવાની કામગીરી, અન્ય બારી દરવાજાનું રીપેરીંગ કરવાની કામગીરી. નવા બારી દરવાજા તથા ફ્રેમ બાવળના લાકડામાંથી બનાવવાના રહેશે તથા તેમાં અંદર બહાર હોલ ડ્રાફ્ટ સ્ટોપર (૮ ઇંચ) સાથે, હેન્ડલ તેમજ બારી અને દરવાજાને રેસ્ટ્રીકટર લગાવવાના રહેશે. | રૂ. ___________ |
| ૩. | સી-૨, | ➢ દરવાજાની જૂની ફ્રેમ કાઢી નવી ફ્રેમ (સાઈઝ – ૬.૭ x ૨.૬ ફૂટ) બેસાડવાની કામગીરી નંગ- ૧, જુનો દરવાજો કાઢી નવો દરવાજો બેસાડવાની કામગીરી (સાઈઝ – ૬.૭ x ૨.૫ ફૂટ) નંગ-૧, જૂની બારી ફ્રેમ સાથે કાઢી નવી બારી ફ્રેમ સાથે બેસાડવી નંગ-૨ (સાઈઝ – ૫.૫ x ૪.૦ ફૂટ અને ૫.૫ x ૩.૦ ફૂટ), કબાટમાં ૮ ગેજ ની ૩ આયર્ન પ્લેટ (અંદાજીત- ૫.૫ x ૧.૫ ફૂટ/પ્લેટ) સપોટ મૂકી ફીટીંગ સાથે રેડોકસાઈડ કરી ૨ -કોટ ઓઈલ પેઈન્ટ અને રીપેરીંગ કરવાની કામગીરી, અન્ય બારી દરવાજાનું રીપેરીંગ કરવાની કામગીરી. નવા બારી દરવાજા તથા ફ્રેમ બાવળના લાકડામાંથી બનાવવાના રહેશે તથા તેમાં અંદર બહાર હોલ ડ્રાફ્ટ સ્ટોપર (૮ ઇંચ) સાથે, હેન્ડલ તેમજ બારી અને દરવાજાને રેસ્ટ્રીકટર લગાવવાના રહેશે. | રૂ. ___________ |
| ૪. | સી-૩, | ➢ દરવાજાની જૂની ફ્રેમ કાઢી નવી ફ્રેમ (સાઈઝ – ૬.૭ x ૨.૫ ફૂટ) બેસાડવાની કામગીરી નંગ- ૧, જુનો દરવાજો કાઢી નવો દરવાજો (સાઈઝ - ૬.૭ x ૨.૬ ફૂટ) બેસાડવાની કામગીરી નંગ-૧, જૂની બારી કાઢી નવી બારી (સાઈઝ – ૫.૦ x ૩.૦ ફૂટ અને ૫.૦ x ૩.૫ ફૂટ) બેસાડવી નંગ-૨, કબાટમાં ૮ ગેજ ની ૩ આયર્ન પ્લેટ (અંદાજીત- ૫.૫ x ૧.૫ ફૂટ/પ્લેટ) સપોટ મૂકી ફીટીંગ સાથે રેડોકસાઈડ કરી ૨ -કોટ ઓઈલ પેઈન્ટ અને રીપેરીંગ કરવાની કામગીરી, અન્ય | રૂ. ___________ |

| | | | |
|---|---|---|---|
| | | બારી દરવાજાનું રીપેરીંગ કરવાની કામગીરી. નવા બારી દરવાજા તથા ફ્રેમ બાવળના લાકડામાંથી બનાવવાના રહેશે તથા તેમાં અંદર બહાર હોલ ડ્રાફ્ટ સ્ટોપર (૮ ઇંચ) સાથે, હેન્ડલ તેમજ બારી અને દરવાજાને રેસ્ટ્રીકટર લગાવવાના રહેશે. | |
| ૫. | ઈ-૧ | ➢જુનો દરવાજો ફ્રેમ સાથે કાઢી નવો દરવાજો ફ્રેમ (સાઈઝ – ૬.૭ x ૩.૫ ફૂટ) સાથે બેસાડવાની કામગીરી નંગ-૧, જૂની બારીની ફ્રેમ કાઢી નવી ફ્રેમ (સાઈઝ - ૫.૦ x ૪.૦ ફૂટ) બેસાડવી નંગ-૧, જુનો દરવાજો ફ્રેમ સાથે કાઢી નવો પ્લાસ્ટિક દરવાજો ફ્રેમ સાથે (સાઈઝ – ૭.૦ x ૨.૫ ફૂટ) બેસાડવાની કામગીરી નંગ-૧, જૂની બારી ફ્રેમ સાથે કાઢી નવી બારી ફ્રેમ સાથે બેસાડવી નંગ-૨ (સાઈઝ – ૫.૦ x ૩.૦ ફૂટ અને ૫.૦ x ૪.૦ ફૂટ) તેમજ કબાટ, બારી દરવાજાનું રીપેરીંગ કરવાની કામગીરી. નવા બારી દરવાજા તથા ફ્રેમ બાવળના લાકડામાંથી બનાવવાના રહેશે તથા તેમાં અંદર બહાર હોલ ડ્રાફ્ટ સ્ટોપર (૮ ઇંચ) સાથે, હેન્ડલ તેમજ બારી અને દરવાજાને રેસ્ટ્રીકટર લગાવવાના રહેશે. | રૂ. ____________ |

**નોંધ: ક્રમ પ્રમાણે અલગ-અલગ ભાવ ભરવાના રહેશે.**

**ભાવ ભરનારની સહી અને સિક્કો**